ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૪૩ ટકા

# કોરોનાનો કહેર વધતાં ફરી ખાણીપીણી બજારને નુકસાન

## શહેરીજનો હોટલ-રેસ્ટોરન્ટમાં જમવા જવાનું ટાળી રહ્યા છે જાણે કે તેમને કોરોનાનો અચાનક જ ભય લાગવા લાગ્યો છે

ગાંધીનગર, તા.૨૪

તહેવાર પછી કોરોનાનો કહેર શહેરમાં વધતો જણાઈ રહ્યો છે. લગભગ દિવાળી સમયથી જ કોરોના ના કેસ ૫૦થી વધુ જ નોંધાયા છે અને ગઈકાલે તેનો આંકડો એસી ને પાર કર્યો હતો આ કપરા સમયે સરકાર પાસે કરફયૂ લાદવા સિવાય કોઈ ઉપાય જ નહતો. ત્યારે બે દિવસીય અમદાવાદ શહેરમાં કરફયૂ લાદવામાં આવ્યો હતો જે નો સમય ગાળો સોમાવરે સવારે પૂર્ણ થયો. ત્યારબાદ રાત્રે ૯ થી સવારના છ વાગ્યાનો કરફયૂ અમલમાં મુકવામાં આવ્યો છે. આ કારણે શહેરના ખાણીપીણી બજાર પર માઠી અસર પડી છે. દિવાળી દરમિયાન જ્યારે ગ્રાહકોનો રાફડો ફાટયો હતો તેની સામે કરફયુને કારણે હોટલોમાં ભીડ જણાતી નથી સાથે-સાથે શહેરીજનો હોટલ રેસ્ટોરન્ટમાં જમવા જવાનું ટાળી રહ્યા છે જાણે કે તેમને કોરોનાનો અચાનક જ ભય લાગવા લાગ્યો છે.

શહેરના મોટાભાગના હોટલ રેસ્ટોરન્ટ ધારકો કે છૂટક ખાણી-પીણીનો ધંધો કરતા વેપારીઓ હાલ મુશ્કેલીમાં મુકાયા છે તહેવારો દરમિયાન ને ઘરાકી ની સામે વીકેન્ડમાં કરફ્યુના કારણે જ તેમને ખાસ્સું એવું નુકસાન ભોગવવું પડ્યું છે. અને હજી પણ થોડા દિવસ સુધી રાત્રીના ૯થી સવારના છ વાગ્યા સુધી કરફ્યુ લાદવામાં આવવાથી ખાણી પીણી બજાર સુનુ બન્યું છે. હોટલ ધારકો અને ખાણીપીણી બજાર સાથે જોડાયેલા નાના-મોટા તમામ વેપારીઓના જણાવ્યા અનુસાર અમારો ધંધો તો રાત્રે આઠ વાગ્યા પછી જ શરૂ થાય છે તેવું કહી શકાય ઓફિસથી છુટીને શહેરીજનો આઠેક વાગ્યા પછી આવવાનું શરૂ કરે તો ૧૧ એક વાગ્યા સુધી જમવા માટે ના કલાકો ગણી શકાય એટલે કે અમારો આ વેપાર રાત્રિના સમયે ત્રણ થી ચાર કલાકનો જ હોય છે તેવું કહી શકાય. જ્યારે સરકાર દ્વારા તો અમારા ધંધાના સમયે જ કરફ્યુ લાદવામાં આવ્યું હોવાથી અમને અમારા ધંધામાં સખત માર પડી રહ્યો છે ઓછામાં પૂરું શહેરીજનો પણ કોરોનાના વધતા જતા કેસને કારણે જમવા આવતા ગભરાય છે અને સાથે સાથે ઓફિસથી આવીને ફ્રેશ થઈને નીકળતા શહેરીજનો તેમના જમવા આવવાના સમયે તો કરફ્યુ બહાર નીકળી શકતા નથી. એક હોટલ માલિકને જણાવ્યા અનુસાર ગત અઠવાડિયામાં તહેવારો દરમિયાન તેમની હોટલમાં એટલી ભીડ હતી કે વેઈટિંગ માટે પણ અડધો કલાક ગ્રાહકો ને રાહ જોવી પડતી હતી. અને ત્યારે નફો પણ સરખો થયો હતો તેની સામે વિકેન્ડના દિવસો અને વર્કિંગ દિવસો દરમિયાન પાછલા અઠવાડિયાનો દસ ટકા નફો પણ અમને થતો નથી અને હજી પણ જ્યાં સુધી કરફયૂ રહેશે ત્યાં સુધી થશે નહીં. આ લોકડાઉનના દિવસો દરમિયાન પણ અમારે જ અમારા ધંધામાં સૌથી વધારે નુકસાન ભોગવવું પડ્યું લોકડાઉન બાદ પણ ઘણા દિવસો પછી અમને રેસ્ટોરન્ટ હોટલ ખોલવાની મંજૂરી મળી તે પછી શહેરીજનો એ બહાર જમવા નીકળતા વિશ્વાસ આવવામાં બીજા મહિના દિવસ જેટલો સમય લાગી ગયો અને હવે ફરીથી કોરોનાના ડર અને કરફ્યુ ને કારણે અમારી ઘરાકી ઓછી થઈ ગઈ છે.

લોકડાઉન દરમિયાન જ ઘણા હોટલ રેસ્ટોરન્ટ અને કેફે બંધ થઈ ગયા જે સર્વાઈવ કરી ગયા તેઓ પોતાનો ધંધો દિવસેને દિવસે કેમ વધે તે માટે અથાક પ્રયત્નો કરી રહ્યા હતા ત્યાં જ સરકાર દ્વારા કરફ્યુ લાદવાથી ફરીથી પહેલા જેવી જ પરિસ્થિતિ આવીને ઊભી રહી છે હવે આમાં ખાણી પીણી બજાર સાથે જોડાયેલા વેપારીઓને નુકસાન ભોગવવા સિવાય કોઈ છૂટકો જ રહ્યો નથી.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૯મી નવેમ્બર વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટર-૧૩ના સ્લમ વિસ્તારમાં શૌચાલયનું મહત્વ સમજાય અને શૌચાલય ઘરે ઘરે હોવાથી શું ફાયદા થાય તે અંગેની જાગૃત્તિ આપતું શેરી નાટક યોજવામાં આવ્યું હતું. તે સમયની તસ્વીર.

# શહેરમાં બેવડી સિઝનને પગલે ઘરે ઘરે બિમારીના ખાટલા

ગાંધીનગર, તા.૨૪

કોરોનાનો કકળાટ હજુ ગયો નથી, કોરોના કોહરામ મચાવી રહ્યો છે. ત્યારે શહેરમાં બેવડી સિઝનને પગલે ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. શરદી-ઉધરસ, તાવ, માથુ દુખવુ, કળતર થવી, બેચેની લાગવી, અશકિત લાગવી સહિતના દર્દીઓ હાલ જોવા મળી રહ્યા છે. સૌ પ્રથમ દર્દીઓ ડોકટરની સલાહ મુજબ કોવીડનો ટેસ્ટ કરાવે છે, પરંતુ તે પણ નેગેટીવ આવ્યા બાદ સારવાર માટે પડાપડી કરી રહ્યા છે. શહેરની હોસ્પિટલની ઓપડી સહિત ખાનગી ડોકટરને ત્યાં મોડી રાત સુધી દર્દીઓની લાઈનો લાગી હોય છે. હાલના સમયે શહેરમાં સવાર-સાંજ ઠંડીનો અનુવભ થાય છે તો બીજીતરફ બપોરના સમયે પંખા નીચે બેસવુ પડે તેવી સ્થિતિ સર્જાય છે. જેથી વાઈરલ દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળે છે.

શિયાળાની સિઝનના પ્રારંભિક તબક્કામાં જ તાપમાનનો પારો ગગળતા ઠંડીનો ચમકારો અનુભવાય છે. ઠંડીને પગલે શ્વાસ સંબંધિત રોગના દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. જયારે ઠંડીમાં શરદી-ઉધરસ અને તાવના વાઈરલ દર્દીઓની સંખ્યા વધી જાય છે. હાલ શહેરમાં બિન આરોગ્યપ્રદ સિઝન ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. જયારે શહેરમાં સવાર-સાંજ સુસવાટા મારતા ઠંડા પવનોને લઈ નાગરીકો ઠંડીનો સામનો કરી રહ્યા છે. જયારે બપોરના સુમારે ગરમીને પગલે પંખા ચાલુ રાખવા પડે તેવી સ્થિતિ ઉભી થાય છે. શહેરમાં હાલના સમયે કોરોનાના દર્દીઓ વચ્ચે પણ વાઈરલ ફીવરના દર્દીઓ પણ સતત વધી રહ્યા છે. શહેરમાં સાંજ ઢળતા જ ખાનગી દવાખાનામાં અને હોસ્પિટલમાં શરદી, ઉધરસ, તાવ, કળતર થવી, માથુ દુખવુ, બેચેની લાગવી સહિતના લક્ષણો ધરાવતા દર્દીઓ હાલ જોવા મળી રહ્યા છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા હોવાથી સાંજ ઢળતા જ ડોકટરને ત્યાં લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે હાલના સમયે કોરોના કહેર વચ્ચે નાગરીકને સામાન્ય તાવ કે ઉધરસ જણાય તો પણ તાત્કાલીક સારવાર માટે દોડી જતા નજરે પડે છે.

# બીએસએફ કેમ્પસમાં નશીલી દવાઓના સેવન સામે એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

બીએસએફના ગુજરાત ફંટિયરના ગાંધીનગર ખાતેના મુખ્યાલય ખાતે આજે સીમા સુરક્ષા દળના જવાનો માટે "નશીલી દવાઓના સેવન સામે જાગૃતિ"ના એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સીમા સુરક્ષા દળના જવાનોને ડ્રગ્સના ઉપયોગથી થતાં દુષ્પરિણામો અંગે જાગૃત કરવા સાથે તેની સાથે જોડાયેલ કાયદાકીય જોગવાઈઓ અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ બીએસેફના ઉપમહાનિર્દેશક તેમજ મુખ્ય સ્ટાફ અધિકારી કૈલાશ લાલ શા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

દેશના યુવા વર્ગમાં ડ્રગ્સ અને નશીલી દવાઓના સેવનની વધતી જતી સમસ્યા દેશના ભાવિ માટે ખતરા સમાન છે. નશીલી દવાઓના સેવનથી દેશની સીમાની સુરક્ષા કરતાં સીમા સુરક્ષા દળના જવાનો દૂર રહે તે દેશની સુરક્ષા માટે ખુબજ જરૂરી છે જેને અનુલક્ષીને લેકવાડા ખાતેના બીએસએફ કેમ્પસમાં "નશીલી દવાઓના સેવન સામે જાગૃતિ"ના એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ચાર ભાગમાં પ્રેઝન્ટેશન સાથે યોજવામાં આવ્યો હતો જેમાં જવાનોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીએસએફ કર્મીઓને નશીલી દવાઓના સેવનથી થતાં દુષ્પરિણામો માંગે માહિતગાર કરી તેમને આ બાબતે કાયદાકીય જોગવાઈઓ અને આ સંદર્ભે પોલીસ તથા બીએસેફની ભૂમિકા પણ સમજાવવામાં આવી હતી. આ સાથે સમગ્ર બીએસએફ ગાંધીનગર કેમ્પસમાં ડ્રગ્સ તેમજ નશીલી દવાઓના સેવનથી દૂર રહેવા જાગૃતિ ફેલાવતા પોસ્ટર્સ પણ લગાડવામાં આવ્યા હતા.

# ભાટ ટોલટેક્ષ નદી તરફના માર્ગ પરથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૨૪

ભાટ ટોલટેક્ષ નદી તરફ જવાના માર્ગ પરથી એકટીવાની ચોર થવા પામી છે. ગત તા.૧૪ નવેમ્બરના રોજ સાંજના સુમારે યુવક નદીમાં ફુલ પધરાવવા માટે ગયો હતો, ત્યારબાદ પરત ફરતા પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ચાંદખેડા આઈઓસી માર્ગ પર સાસ્વત જુલસ નારાયણ સર્કલ પાસે ડી.૪૦૪ ખાતે રહેતા ૨૫ વર્ષિય મોનીશ જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય પોતાના પરિવાર સાથે રહે છે. જયારે છેલ્લા એક વર્ષથી એમોટીકસ નામની કંપનીમાં સેલ્સ એક્ઝીકયુટીવ મેનેજર તરીકે ફરજ બજાવે છે. મોનીશ નોકરી આવન-જાવન માટે હોન્ડા એકટીવા નં. જી.જે.૦૧.યુ.બી.૧૬૦૪ નો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૪ નવેમ્બરના રોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ફરીયાદી એકટીવા લઈને ભાટ ટોલટેક્ષ પાસે નદીમાં ફુલ પધરાવવા માટે આવ્યો હતો. ફરીયાદીએ એકટીવા નદી તરફ જવાના માર્ગ પર મુકીને લોક માર્યુ હતું. ત્યારબાદ ફુલ પધરાવીને પરત આવતા જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા એકટીવા ન મળી આવતા આખરે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૨ હજારના એકટીવા ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાયપુર ગામમાં દુકાને જઈ આવુ છું કહી શખ્સ બાઈક લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૪

રાયપુર ગામના ખેડુત પાસેથી ખેતરમાંથી ગામમાં દુકાને જઈને આવું છુ તેમ કહીને બાઈક લઈ ગયેલો શખ્સ આજદિન સુધી પરત ફર્યો નથી. બનાવ તા.૨૫-૫-૨૦ ના રોજ બપોરના ચાર વાગ્યાના અરસાનો છે. બાઈક માલિક શખ્સના રાજસ્થાન ખાતે ગામમાં પણ તપાસ કરી હોવા છતા શખ્સ મળી આવ્યો નથી. જેથી બાઈક માલિકે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક લઈને ફરાર થયેલા શખ્સને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ રાયપુર ગામે બહુચર માતાનો વાસ ખાતે રહેતા દિલિપજી લક્ષ્મણજી ઠાકોર ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ફરીયાદીએ બાઈકની ફેબુઆરી ૨૦માં દહેગામ ખાતે થી ખરીદી કરી હતી. ફરીયાદીના સાળાના નામે બાઈક લીધુ હતુ જેનું આરટીઓ પાર્સિંગ થયુ ન હતું. ત્યારે રાયપુર ગામે ફરીયાદીના સાળા દિલિપજી પ્રતાપજી સોલંકીના ખેતર પાસે પંકજભાઈ કેશાભાઈ પટેલના બોરકુવા પર રાયમલ ખરાજી (રહે. ગામ - ગડા વાટેશ્વર તા.સીમલવાડા, ડુંગરપુર) છેલ્લા ઘણા સમયથી ખેત મજુર તરીકે કામ કરતો હોવાથી અને ખેતર નજીક હોવાથી ફરીયાદી પણ પરિચિત હતા. ત્યારે ગત તા.૨૧ મે ના રોજ સાંજના ચાર વાગ્યાના અરસામાં ફરીયાદી બાઈક લઈને ખેતરમાં ગયા હતા. તે સમયે રાયમલભાઈ ખરાજી એ ગામમાં દુકાને જઈને આવુ છુ કહીને બાઈકની માંગણી કરતા બાઈક આપ્યું હતું. મોડીસાંજ સુધી બાઈક લઈને રાયમલ પરત ન ફરતા ફરીયાદીને લાગ્યું કે કંઈક કામ આવી ગયું હશે. ત્યારબાદ પણ ઘણા દિવસ રાહ જોયા પછી શખ્સ ન દેખાતા ફરીયાદીએ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના તેના વતનમાં પણ તપાસ કરી હતી. તેમ છતા તે મળી આવ્યો નથી અને બાઈક પણ નથી મળ્યું. જેથી ડભોડા પોલીસ મથકે બાઈક અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.



કોરોના કાળમાં સતત સાત-આઠ મહિનાથી ખડે પગે ડયુટી બજાવી રહેલા આરોગ્યકર્મીઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. આ આરોગ્યકર્મીઓને વોર્ડ નં.૭ના કોર્પોરેટર હિરલબેન ઉર્પલ જોષી, રાકેશભાઈ પટેલ અને જયરાજસિંહ વાઘેલાએ તેમની સેવા બિરદાવવા ભેટ આપી બિરદાવ્યા છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પટેલ બાબુભાઈ પરસોત્તમ, ઉ.વ. ૭૯, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ સવિતાબેન રણછોડભાઈ, ઉ.વ. ૭૬, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ જોઈતીબેન ગોપાળભાઈ, ઉ.વ. ૭૨, ધોળાકુવા. તા. માણસા
- સ્વ. સુથાર પ્રફુલચંદ્ર રવિશંકર, ઉ.વ. ૭૩, સે-૬, ગાંધીનગર
- સ્વ. પટેલ જશોદાબેન ચંદ્રકાન્તભાઈ, ઉ.વ. ૭૫, ઈસનપુર મોટા, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ પ્રવિણકુમાર મોનાભાઈ, ઉ.વ. ૪૯, ઈસનપુર મોટા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ પરસોત્તમભાઈ અંબારામ, ઉ.વ. ૮૦, વસ્રાલ, અમદાવાદ
- સ્વ. ઠાકોર જેણાજી શંભુજી, ઉ.વ. ૬૩, છત્રાલ, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઝાલા જયેન્દ્રસિંહ બાદરસિંહ, ઉ.વ. ૨૦, નવાનગર, તા. દહેગામ
- સ્વ. ઠાકોર શાંતાબેન જીતાજી, ઉ.વ. ૮૦, છારોડી, તા. ઘાટલોડીયા, અમદાવાદ
- સ્વ.આસોડીયા રમેશભાઈ વરુભાઈ, ઉ.વ. ૫૫, પીંડારડા, તા. જી. ગાંધીનગર
- સ્વ. સોભનાબા પ્રવિણસિંહ વાઘેલા, ઉ.વ. ૬૫, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. મધુબેન ખુશાલદાસ ઠક્કર, ઉ.વ. ૬૮, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. લાધુભાઈ જેરામભાઈ સોલંકી, ઉ.વ. ૭૪, સે-૨૪, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. મધુકર મોહનલાલ દલવાડી, ઉ.વ. ૬૭, સે-૩, ગાંધીનગર
- સ્વ. ઉનડકર પ્રભાવતીબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૭૧, શાહપુર, તા. ગાંધીનગર
- સ્વ. પુષ્પાબેન વિષ્ણુભાઈ પટેલ, ઉ.વ. ૬૦, સે-૧૩, ગાંધીનગર
- સ્વ. કાશીબેન સોમાભાઈ પટેલ, ઉ.વ. ૮૫, રાયસણ, તા. ગાંધીનગર


# મહાનગર પાલિકાના ઉપક્રમે સ્વચ્છતા જાગૃતિ સેમિનાર યોજાયો

## ઘરગથ્થુ કચરાનું વ્યવસ્થાપન અને હોમ કમ્પોસ્ટિંગ વિષયે વેબીનાર યોજાયો : નાગરિકો અને સંસ્થા અગ્રણીઓને રીડ્યુસ, રીયુઝ અને રી સાઇકલનું અમૂલ્ય માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૨૪

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧માં અગ્રતા ક્રમ મેળવવા ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા દરેક નગરવાસીને જોડીને સ્વચ્છતાની મહત્તાને ઉજાગર કરવા માટેની કવાયત શરૂ કરી છે. તેના અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગમાં યોજવામાં આવેલા વેબીનારમાં સુઘડ સ્થિત વિખ્યાત પર્યાવરણિય સ્વચ્છતા સંસ્થાનના તજજ્ઞ દેવેન્દ્રભાઈ પરીખ દ્વારા ઘરગથ્થુ કચરાના વ્યવસ્થાપન અને હોમ કમ્પોસ્ટિંગ વિષય પર સરળ ભાષામાં મનનિય જાણકારી આપવામાં આવી હતી. જેની તાત્કાલિક શુભ અસર એ થઈ હતી, કે ઓનલાઈન કાર્યક્રમના અંતે રોટરી કલબના આગેવાને તેમની સંસ્થાને એક નવું સ્વચ્છતાનું કામ કરવાની પ્રેરણા આ વેબીનારથી મળ્યાનું જણાવ્યુ હતું. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી. સી. દવેએ કોવિડ ૧૯ની પરિસ્થિતિમાં યોજવામાં આવેલા ઓનલાઈન વેબીનારની માહિતી આપતા જણાવ્યું કે કાર્યક્રમમાં જોડાયેલા નાગરિકો અને સંસ્થા આગેવાનોને આ કાર્યક્રમ દ્વારા રીડ્યુસ, રીયુઝ અને રી સાઈકલનું અમૂલ્ય માર્ગદર્શન અપાયુ હતું.

સ્વચ્છતા સંસ્થાનના દેવેન્દ્રભાઈએ જણાવ્યું કે કચરો અણગમતો શબ્દ છે,




પરંતુ તેને ઉલ્ટો કરવામાં આવે તો રોચક શબ્દ બને છે. મતલબ કે કચરો પણ આપણે ઈચ્છીએ તો આનંદ આપી શકે. સગવડો સાથે આવતી આફત એટલે જ કચરો. જે માઉન્ટ એવરેસ્ટ પર પણ મળી આવ્યો છે. અને અમદાવાદમાં તે પીરાણા ડુંગર તરીકે ઓળખાઈ રહ્યો છે. તેમણે ઘરના કચરામાં સુકો અને ભીનો કચરો અલગ કરવા અને સુકા કચરામાં કાગળ, કપડા, પ્લાસ્ટિક તથા ધાતુને અલગ કરવા જણાવ્યુ. જો તેમ કરવામાં આવે તો દરેક કચરાનું રી સાઈકલિંગ શક્ય બનશે. સાથે જ તેમણે જરૂરતની ચીજો જ લઈને વસ્તુઓની ખરીદી મર્યાદિત કરવા અને દરેક ચીજ વસ્તુનો રીયુઝ એટલે કે ફરી ઉપયોગ કેવી રીતે થાય તે જાણી, શીખી લેવાની સલાહ આપી હતી.

હોમ કમ્પોસ્ટિંગ અંગે કહ્યું કે કિચન વેસ્ટ કહેવાતા એઠવાડમાંથી ફૂલ છોડ અને ખેતીવાડી માટે અમૃત સમાન ખાતર મેળવી શકાય છે અને તે ઘરમાં, આંગણામાં કે સોસાયટીમાં જ બનાવી શકાય છે. આંગણામાં ત્રણ, ચાર ખાડા કરીને અથવા તેટલાં જ ડબ્બા જેવા વાસણોમાં ભીનો કચરો, એઠવાડ નાખીને ઉપર માટીના કે રાખના થર કરતા જઈને ફરી તેના પર એઠવાડ નાખવાથી ચોથો ખાડો કે ચોથું વાસણ ભરાશે ત્યારે પહેલામાંથી વનસ્પતિ માટે જડીબુટ્ટી જેવું ખાતર મળી રહેશે. નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલભાઈ પટેલ, પૂર્વ કલેક્ટર હરિલાલ વારિયા, રોટરી કલબના હસમુખ મેકવાન સહિતે ઘરગથ્થુ કચરાના નિકાલની વ્યવસ્થા માટે અમૂલ્ય સુચનો કર્યા હતાં.